# સ્વામિની સદ્‌વિદ્યાનંદાજી

## આર્ષ વિદ્યા તીર્થ, નવસારી

સ્વામિની સદ્વિદ્યાનંદાજી વેદાંત શાસ્ત્રના મહાન વિદ્વાન અને હિંદુ ધર્મના સંરક્ષક શ્રી સ્વામી દયાનંદ સરસ્વતી (૧૯૩૦-૨૦૧૫ આર્ષ વિદ્યા ગુરુકુલમ્, કોઈમ્બતુર, તામીળ નાડુ)ના શિષ્યા છે. સત્યને જાણવાની ઇચ્છા ધરાવનાર સામાન્ય જન સરળતાથી સમજી શકે તેવી ભાષામાં તેઓ તત્ત્વનું નિરૂપણ કરનારા વેદાંતના ગ્રંથો જેવા કે ગીતા, ઉપનિષદનું અધ્યયન કરાવે છે. તેઓ સંસ્કૃતના વિદ્વાન હોવાથી સર્વ મૂળ શાસ્ત્રોને સીધેસીધા જ સમજી શકે છે. દસથી વધુ વર્ષો સુધી તેમણે વેદાંત અને સંસ્કૃતનો અનેક આચાર્યો પાસે અધ્યયન કર્યું છે.

સ્વામિની સદ્વિદ્યાનંદાજી એક સંસ્કારી કુટુંબ અને જ્ઞાનપિપાસુ મનના સમન્વયથી આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. સુરતમાં સ્થિત પૂજ્ય સ્વામીશ્રી પ્રત્યગ્બોધાનંદજી પાસે ૧૯૮૧થી ૧૯૮૮ સુધી ગીતા, ઉપનિષદો, આદિ આધ્યાત્મિક ગ્રંથોનું ગુજરાતીમાં અધ્યયન શરૂ કર્યું હતું. તે ઉપરાંત જ્યારે પણ તક મળી ત્યારે અમદાવાદ સ્થિત પૂજ્ય સ્વામીશ્રી વિદિતાત્માનંદજી પાસે પણ વારંવાર શાસ્ત્ર-અધ્યયન માટે અને તેમની શિબિરોમાં જતા હતા. તે દરમ્યાન ૧૯૮૩માં વડોદરા ખાતે તેઓ પ્રથમ વાર બંનેના ગુરુ પરમશ્રદ્ધેય સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીજીના સંપર્કમાં આવ્યા. (જેઓ દક્ષિણના તામિળનાડુ રાજ્યના તાંજોર જીલ્લાના છે અને હાલમાં આર્ષ વિદ્યા ગુરુકુલમ્, કોઈમ્બતુર, તામીળ નાડુ)

વળી, ૧૯૮૮માં સ્વામીશ્રી દયાનંદજીના અમેરિકાના ગુરુકુલમ્‌માં શાસ્ત્ર-અધ્યયન કરીને, ૧૯૯૦માં કોઈમ્બતુર પાસે સુંદર નીલગિરિ પર્વતમાળામાં "આર્ષવિદ્યા ગુરુકુલમ્"ની સ્થાપના થતાં ત્યાં સાડા ત્રણ વર્ષ માટે સ્વામીશ્રી દયાનંદજી પાસે રહીને આદિ શંકરાચાર્યજીના પ્રસ્થાનત્રયીનો (ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર) ગહન અભ્યાસ કર્યો. સાથે સાથે આપણા સર્વ શાસ્ત્રો દેવભાષા સંસ્કૃતમાં હોવાથી ગુરુકુલમ્‌માં પાણિની અષ્ટાધ્યાયી સહિત વ્યાકરણનો પણ ઊંડો અભ્યાસ કર્યો છે.

છેલ્લા પચ્ચીસ વર્ષોથી તેઓ નિયમિતપણે બારડોલી, વલસાડ, બિલીમોરા, નવસારી, ભાવનગર વગેરે નગરોમાં શાસ્ત્રોનું શબ્દશ: અધ્યયન કરાવે છે. વર્ષ ૨૦૦૩થી ૨૦૧૩ દરમ્યાન અનેકવાર અમેરિકાના વિવિધ શહેરોમાં, કેનેડા અને ન્યુઝીલેન્ડ જઈ ત્યાંના સાધકો માટે વેદાંતના પ્રવચનો કર્યા છે. તે ઉપરાંત અમેરિકાના કેટલાક શહેરોમાં બાળકો માટે શિબિરોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૨૦૧૮માં માર્ચથી સપ્ટેમ્બર દરમ્યાન સ્વામી દયાનંદ આશ્રમ, ઋષીકેશમાં જે પ્રસ્થાનત્રયીનો અભ્યાસ કરાવવામાં આવે છે તેમાં આચાર્યા તરીકે ઉપનિષદ, ગીતા અને પાણિની વ્યાકરણનું અધ્યયન કરાવવા માટે આમંત્રણ મળ્યું હતું. તે ઉપરાંત નવેમ્બર ૨૦૧૮માં શ્રીનંદકુમાર અને રાકેશ ઉપાધ્યાય દ્વારા જે યોગના ત્રણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં શિબિરાર્થીઓને મુનિ પતંજલિના યોગદર્શનનું અધ્યયન કરાવ્યું હતું.

દેશ-પરદેશમાં જે વિવિધ પ્રકારના સેમિનારો અને કોન્ફરન્સમાં પણ તેમણે પેપર પ્રેઝન્ટેશન કર્યાં છે. જેવા કે નેશનલ એજ્યકેશન કોન્ફરન્સ, પુને; કોન્ફરન્સ ફોર ટીચર્સ્, ગ્વાલિયર; નમામિ શંકરમ્, કન્યાકુમારી, ભાષ્ય-પારાયણ, પેપર પ્રેઝન્ટેશન અને પ્રવચન; શ્રીવિદ્યા કોન્ફરન્સ, માયસોર, કર્ણાટક; નેશનલ કોન્ફરન્સ, ઋષીકેશ. તે ઉપરાંત અમેરિકામાં પણ વેદાંત કોન્ફરન્સમાં પેપર પ્રેઝન્ટેશન કર્યાં છે.

એમના ટ્રસ્ટ આર્ષ વિદ્યા તીર્થ, નવસારીના ઉપક્રમે સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીજીની અંગ્રેજીમાં પ્રકાશિત નાની પુસ્તિકાઓ અને તેમના પ્રવચનોનો ગુજરાતી અનુવાદ કરી તેના પ્રકાશનનું કાર્ય કરે છે. અત્યાર સુધીમાં લગભગ સાડત્રીસ પુસ્તિકાઓનું પ્રકાશન થયું છે. વળી, ગુરુકુલમ્‌માં ગીતાનું જે ઊંડાણથી અધ્યયન કરાવવામાં આવે છે તેનો અંગ્રેજીમાં દળદાર ગ્રંથ "ગીતા હોમ સ્ટડી"નો ગુજરાતી અનુવાદ કરીને "ગૃહે ગીતા અધ્યયન"રૂપે અભ્યાસક્રમનું પ્રકાશન કર્યું છે. હવે તેની નવ ભાગમાં (૪,૦૦૦ પાનાની) ત્રીજી આવૃત્તિ પણ પ્રકાશિત થઈ છે. ૧૯૯૮થી ૨૦૦૩ દરમ્યાન પ્રથમ આવૃત્તિ ૨૬ ભાગોમાં તથા ૨૦૦૫થી ૨૦૦૯ દરમ્યાન બીજી આવૃત્તિ ૧૪ ભાગોમાં પ્રકાશિત થઈ હતી.

વળી જે સાધકો વેદાંતના વર્ગોમાં ન જઈ શકે તેમના માટે ઉપનિષદો, ગીતા પ્રકરણ ગ્રંથો અને શ્રીમદ્‌ભાગવત મહાપુરાણ પરના તેમના ગુજરાતીમાં પ્રવચનોનું એમપીડ્ર પ્રવચનો પણ સીડી કે પેનડ્રાઈવમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

આ રીતે, તેઓ તેમની તત્ત્વ વિષેની સ્પષ્ટ સમજ સાથે સરળ ગુજરાતી ભાષામાં વેદાંતના ગહન વિષયને મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. વળી આહવા-ડાંગના આદિવાસી વિસ્તારમાં પણ અવરનવર જઈને ત્યાંના લોકોને તેમના સાંનિધ્ય અને સત્સંગનો લાભ આપે છે.